# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં
## વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ - અન્ય માધ્યમ) ની ભરતી અંગેની જાહેરાત વર્ષ૨૦૧૮-૧૯

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ - અન્ય માધ્યમ- અંગ્રેજી, હિન્દી, મરાઠી, ઉર્દુ, ઉડિયા, તમિલ) માટે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણી પત્રક મુજબ નીચે દર્શાવેલ જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટયાદી તૈયાર કરવા માટે તા.૨૭/૦૪/૨૦૧૧ તથા વખતો વખતના સુધારા ઠરાવ અન્વયે નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા અને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/૦૨/PRE/૧૧-૨૦૧૬/SF-૬/K, તા૨૦/૦૧/૨૦૧૭ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઇ અન્વયે ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ ઓનલાઇન મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા.૧૮/૦૬/૨૦૧૮ થી તા.૨૮/૦૬/૨૦૧૮ દરમ્યાન આ કચેરીની વેબ સાઇટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન કરવાની રહેશે.

**અન્ય માધ્યમના વિદ્યાસહાયકો માટે જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારોથી શિક્ષણ વિભાગના ક્રમાંક;પીઆરઇ/૧૧૫/સીસી-૧૩૯-ક,તા.૦૮/૧૨/૨૦૧૫ ના પત્ર સંદર્ભે સા.વ.વિભાગના તા.૧૬/૦૩/૧૯૯૬ના ઠરાવક્રમાંક-પવસ/૧૦૯૩/મ-૧૭(ભાગ-૨)-ગ-૪ ના ફકરા-૨ ની જોગવાઇને આધીન ભરવામાં આવશે. આ ભરતી માટે નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારો ઉમેદવારીપત્રો ભરી શકશે.**

| જાહેરાત ક્રમ | ભરતીનો પ્રકાર | માધ્યમ | વિષય | સામાન્ય (Gen.) | અ.જાતિ (SC) | અ.જ.જાતિ (ST) | સા.શૈ.પ.વર્ગ (SEBC) | કુલ | જિલ્લાના રોસ્ટર રજિસ્ટર મુજબ૩% શારીરિક અશક્તતા ધરાવતા (PH) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ ૨૦૧૮-૧૯ | ધોરણ ૬ થી ૮ | અન્ય માધ્યમ | ગણિત વિજ્ઞાન | ૪૧ | ૧૪ | ૧૬૬ | ૧૨૦ | ૩૪૧ | ૦૯ |
| | | | ભાષાઓ | ૧૩ | ૦૩ | ૨૭ | ૨૦ | ૬૩ | ૦ |
| | | | સામાજિક વિજ્ઞાન | ૧૫ | ૦૩ | ૩૨ | ૩૦ | ૮૦ | ૦૨ |
| ૦૨ ૨૦૧૮-૧૯ | ધોરણ ૧ થી ૫ | અન્ય માધ્યમ | - | ૬૪ | ૪૦ | ૨૫૮ | ૧૮૦ | ૫૪૨ | ૧૦ |

-જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી અને સામાન્ય સુચનાઓ ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ છે.તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરી અરજી કરવાની રહેશે.

**અરજી પત્રક ઓન-લાઇન ભરવા માટેની સુચનાઓ**

1. ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ www.vidyasahayakgujarat.org ઉપર ઓન-લાઇન તા.૧૮/૦૬/૨૦૧૮ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.ઓન-લાઇન અરજી ફોર્મ કોઇ પણ કમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.
2. અંગ્રેજી અને હિન્દી માધ્યમની ખાલી જગ્યાઓ માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ટેટ પરીક્ષા પસાર કરેલ હોય તે જ ઉમેદવારો 'ઓનલાઇન' અરજી કરી શકશે.
3. અંગ્રેજી અને હિન્દી માધ્યમ સિવાયના ઉમેદવારોએ કે જેઓએ CTET અને અન્ય રાજ્યમાંથી જે તે માધ્યમની ટેટ પરીક્ષા પસાર કરેલ હોય તે માધ્યમ માટે ઉમેદવારોએ અરજી પત્રક ભરતા પહેલા ટેટ પરીક્ષાનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને ત્યાર બાદ તેઓ પોતાનું અરજી પત્રક ભરી શકશે
4. ટેટ પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઇપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું ટેટ Result દેખાશે.ત્યાર બાદ CONTINUE બટન ઉપર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે
5. યુ.જી.સી. માન્ય યુનિવર્સિટી દ્વારા મેળવેલ ડિગ્રી ગ્રાહ્ય રાખવામાં આવશે રાજ્ય બહારની યુનિ ની Open and distance learning દ્વારા મેળવેલ ડિગ્રી માન્ય ન હોઇ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહી
6. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા D.El.Ed.ની લાયકાતવાળા ઉમેદવારોએ પ્રાપ્ત ગુણ તરીકે 'marks for merit' ગણતરીમાં લેવાના રહેશે. એટલે કે ૫૦૦+૧૦૦=૬૦૦ માંથી મેળવેલ ગુણ ગણવાના રહેશે.
7. ઉમેદવાર એક કરતાં વધુ પ્રયત્નેસ્નાતક,અનુસ્નાતક,બી.એડ/પી.ટી.સી. કોઇપણ અંતિમ ડિગ્રી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કિસ્સામાં શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/૦૨/PRE/૧૧-૨૦૧૬/SF-૬/K, તા.૨૦/૦૧/૨૦૧૭ના પસંદગી પ્રક્રિયાના નિયમ ૮(૨) મુજબ ગુણ ગણતરી કરી મેરીટ ગણવામાં આવશે.
8. અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર નિયત ફી ભરી જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી તા.૧૮/૦૬/૨૦૧૮ થી તા.૨૮/૦૬/૨૦૧૮ (રવિવાર સિવાય) રૂબરૂમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી ફાઇનલ સબમીટ કરાવવું. ફાઇનલ સબમીટ કર્યા સિવાયનું કોઇ પણ અરજીપત્ર ગ્રાહ્ય રહેશે નહિ
9. સ્વીકાર કેન્દ્ર અથવા ભરતી કાર્યાલયની કચેરીએ ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. અને તે રદ થયેલ ગણાશે.
10. આ નિમણૂંકો રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસએલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ અને ૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધિનરહેશે.
11. વયમર્યાદા:- તા.૨૮/૦૬/૨૦૧૮ના રોજ નિમ્ન પ્રાથમિક ધોરણ ૧ થી ૫ માટે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૩૩ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહી. તેમજ ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૬ થી ૮ માટે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહી. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો, મહિલા, શારીરિક રીતે અશક્તતા ધરાવતા તથા માજી સૈનિકો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.
12. અનુસૂચિત જતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા માટે ગુજરાત સરકારના અધિકૃત અધિકારીનું જાતિ વિષયક પ્રમાણપત્ર માન્ય ગણાશે આવા ઉમેદવારોને સબંધિત અનામત કક્ષાની જગ્યાઓ માટે ઠરાવની જોગવાઇ મુજબ ગુણ અને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.
13. હાલ જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં નિમ્ન પ્રાથમિ/ ઉચ્ચ પ્રાથમિકમાં ફરજ બજાવતાં હોય તેવા વિદ્યાસહાયક/શિક્ષક નિમણૂંક લીધા બાદ ત્રણ વર્ષની અંદર આ ભરતીમાં પોતે જે સંવર્ગમાં ફરજ બજાવે છે તે સંવર્ગમાં અરજી કરવા માંગતા હોય તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ-૬/ક, તા.૨૨/૦૩/૨૦૧૭ મુજબ નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી. મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. એન.ઓ.સી. મેળવનાર ઉમેદવારોએ રાજીનામુ મંજૂર કરાવેલ હશે તો જ જિલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે. એન.ઓ.સી. મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન ઉપર આવશે તો અરજી રદ થવાને પાત્ર રહેશે.
14. ઉમેદવાર નોકરી કરે છે તે બાબત છુપાવીને અરજી કરે તેવા કિસ્સામાં હાલની નિમણૂંક રદ કરી તેમની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
15. મેરીટમાં આવતાં ઉમેદવારોના કોલ લેટર ઓનલાઇન જ કચેરીની વેબસાઇટ ઉપરથી મેળવવાના રહેશે. અન્ય કોઇ રીતે કોલલેટર મોકલવામાં આવશે નહીં તેમજ ઉમેદવારે કોલ-લેટરમાં દર્શાવેલ તારીખે જ ઓન-લાઇન પસંદગી આપવામાં આવશે કોઇપણ સંજોગોમાં તે પછીની તારીખે પસંદગીની તક આપવામાં આવશે નહી
16. ભરતીના અનુસંધાને આ જાહેરાતમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યાવધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણહક્ક/અધિકાર રહેશે.

તા.૧૩/૦૬/૨૦૧૮
સ્થળ:-ગાંધીનગર

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.